ESSAR
OIL

## PRESS COVERAGE:

**PUBLICATION NAME: NOBAT (GUJARATI DAILY)**
**CITY:** **JAMNAGAR**
**DATE:** **02-05-2018**
**PAGE NO.** **02**
**TOTAL SQ. CM.** **152**
**TITLE:** ***Essar Oil Limited joins hands with the Indian Navy for the Outreach Program***

### એસ્સાર ભારતીય નૌસેના સાથે આઉટરીચ કાર્યક્રમમાં જોડાશેઃ

# મુંબઈથી લેહ સુધી યોજાનારી કાર રેલીને નૌસેના તથા એસ્સારના ઉચ્ચ અધિકારીઓ લીલીઝંડી આપશે

જામનગર તા.ર: એસ્સાર ઓઈલ લિ. (પ્રસ્તાવિત નામ નાયરા એનર્જી લિમિટેડ), મુંબઈના નેવલ ડોકયાર્ડમાં આગામી તા.3 મે, ર૦૧૮ના ભારતીય નૌસેના દ્વારા યોજાનારા "આઉટરીચ કાર્યક્રમ" માં સહભાગીદાર બનશે. ભારતીય નૌસેના અંગે સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થી-યુવાનોમાં જાગૃતિ આવે, તેઓને સેનામાં જોડાવા પ્રોત્સાહિત કરી શકાય એવા ઉદ્દેશ્ય સાથે મુંબઈથી લેહ સુધી યોજાનારી કાર રેલીને નૌસેના અને એસ્સાર ઓઈલ લિ. (નાયરા એનર્જી લિમિટેડ)ના ઉચ્ચ અધિકારીગણ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવશે.

૩રદિવસના આ પ્રવાસમાં નૌસેનામાંથી ૧ર૦ જવાન જોડાશે અને મુંબઈથી દિલ્હી અને ત્યાંથી લેહ સુધી આશરે ૭૦૦૦ કિલોમીટરનું અંતર કાપી પરત આવશે. આ પ્રવાસ દરમિયાન માર્ગમાં આવતા મુખ્ય શહેરોને આવરી લેવાશે જેમાં મુંબઈ, વડોદરા, ઉદયપુર, જયપુર, નવી દિલ્હી, ચંદીગઢ, પાલ્ચન, પાત્સીઓ, કારૂ, પાંગોગત્સો, તંગસ્તે, લેહ, સ્પિતિ ખીણ, કાલ્પા, શિમલા, આગ્રા શિવપુરી, મ્હોવ અને નાસિકનો સમાવેશ થાય છે.

પ્રવાસ દરમિયાન નૌસેનાના જવાનો આ શહેરોમાં ભારતીય નૌસેના અંગે સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂં પાડશે. નૌસેનામાં કેરિયર બનાવવા ઈચ્છુક યુવાનો માટે ઓડિયો-વિઝ્યુલ ફિલ્મસ પ્રદર્શિત કરી જાણકારી અપાશે. પબ્લિક પ્લેટફોર્મ પર જવાનો લોકો સાથે સંવાદ કરી તેઓને નૌસેનામાં કઈ રીતે જોડાય શકાયં અને એ અંગે કઈ પ્રકારે કાર્યવાહી થાય છે તેની માહિતી આપતા પેમ્પલેટસ અને બ્રાઉસરનું વિતરણ કરાશે. આ ઉપરાંત જવાનો જે તે શહેરના સ્થાનિક લોકો, ભૂતકાળમાં યુદ્ધમાં સામેલ થયેલા બહાદુર સૈનિકો, નૌસેનાના શહીદ થયેલા જવાનોના પરિવારજનોને પણ મળશે.